૨૦ વર્ષ કે તેથી વધુ વર્ષ જૂના/ જર્જરિત હળપતિના હયાત આવાસોના બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રની રૂ.૭૦૦/- લાખની નવી બાબતની જોગવાઇની વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૧૬/ન.બા-૨૪/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧/૦૪/૨૦૧૬

## વંચાણે લીધા :-

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ બજેટ/૧૦૨૦૧૫૨/૯૨/નીતિવિષયક/લ, તા.૨૫/૦૯/૨૦૧૩

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ બજેટ/૧૦૨૦૧૫૨/૯૨/નીતિવિષયક/લ, તા.૩૧/03/૨૦૧૫

(3) આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ હગન/૧૦૨૦૧૫/૧૩૧/33૯૩૪૧/ઘ. તા.૧૯/૦૫/૨૦૧૫

(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો નં.આવિ/અગન/ન.બા.હ.બોર્ડ-૯૬/ ૨૦૧૫-૧૬/૧૦૩૮, તા.૧૯/૧૨/૨૦૧૫

## પ્રસ્તાવના :-

હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, ભરૂચ, નવસારી, વડોદરા, નર્મદા, તાપી તેમજ છોટાઉદેપુર જિલ્લાઓમાં હળપતિ જાતિના પાત્રતા ધરાવતા ઇસમોને આવાસો પૂરા પાડવાની યોજના વર્ષ-૧૯૬૩ થી અમલમાં છે. આ યોજનાનું અમલીકરણ શરૂઆતના તબક્કે સંબંધિત જિલ્લાના કલેક્ટરશ્રીઓ દ્વારા કરવામાં આવતું હતું. વર્ષ-૧૯૮૩માં ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ આવાસ બાંધકામની કામગીરી બોર્ડને સુપ્રત કરવામાં આવેલ છે.

હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ હળપતિ જાતિના ઇસમોને હળપતિ ગૃહ નિર્માણ યોજના ઉપરાંત સરદાર આવાસ યોજના, ઇન્દિરા આવાસ યોજના, વ્યક્તિગત આવાસ સહાયની યોજના વગેરે યોજનાઓ અંતર્ગત પણ આવાસની સવલત પૂરી પાડવામાં આવે છે.

હળપતિ ગૃહ નિર્માણ યોજના હેઠળ આવાસ બાંધકામની કામગીરી વર્ષ-૧૯૬૩ થી અમલમાં હોઇ આજદિન સુધી બંધાયેલ આવાસો પૈકી ઘણા આવાસો અત્યંત જર્જરીત અવસ્થામાં / રહેવા લાયક ન હોય તેવા છે. આ પ્રકારના જર્જરીત આવાસોમાં લાભાર્થીઓ રહી શકે તેમ ન હોઇ આ લાભાર્થીઓને સારી ગુણવત્તાવાળા નવા આવાસો બાંધી આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આથી, પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

## ઠરાવ :-

સરકારશ્રીની જુદી જુદી આવાસ યોજનાઓ જેવી કે હળપતિ ગૃહ નિર્માણ યોજના સરદાર આવાસ યોજના, ઇન્દિરા આવાસ યોજના, વ્યક્તિગત સહાય યોજના કે અન્ય સરકારી યોજના કે જેમાં સરકારશ્રીની લોન/ સહાયથી હળપતિ લાભાર્થીને આવાસની સવલત પૂરી પાડવામાં આવેલ હોય તેમજ મકાન પૂર્ણ થયાને ૨૦ કે તેથી વધુ વર્ષ પૂર્ણ થઇ ગયેલ હોય તથા મકાન જર્જરીત થઇ ગયેલ હોય/ રહેવા લાયક ન હોય તેવા મકાનોના હળપતિ લાભાર્થીઓને નવેસરથી મકાન બનાવવાં માટે અનુસુચિત જનજાતિની વ્યક્તિગત નાણાંકીય સહાય આવાસ યોજનાના ધોરણે આવાસદીઠ રૂ.૭૦,૦૦૦/-ની સહાય ચૂકવવા માટે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૭૦૦/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન રહી સરકારશ્રીની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે.

આ યોજના અન્વયે હળપતિ બોર્ડ દ્વારા બાંધવામાં આવેલ મકાનોની વિગતો દર વર્ષે અલગથી હિસાબો રાખી રજુ કરવાની રહેશે.

આ હેતુ માટે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

અંદાજપત્રની જોગવાઇની મર્યાદામાં રહી ફાળવેલ રકમની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૫/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્યોતિ.કે.પટેલ)
સંયુક્ત સચિવશ્રી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજુરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, બ્લોક નં.૧૧/૩, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.